# ‘બિયોન્ડ ધ હોરાઇઝન ઍન્ડ અધર સ્ટોરીઝ’ વિશે | દર્શના ત્રિવેદી

[**‘બિયૉન્ડ ધ હોરાઇઝન ઍન્ડ અધર સ્ટોરીઝ’** : ડૉ. ચંદ્રકાન્ત મહેતા, શાંતિ પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૭, કિં. રૂ. ૪૦૦/-]

ડૉ. ચંદ્રકાન્ત મહેતા ગુજરાતી અને હિન્દી ભાષાના લબ્ધપ્રતિષ્ઠ લેખક અને નીવડેલા કટારલેખક છે. ‘ગુજરાત સમાચાર’માં આવતી તેમની કટાર ‘‘કેમ છે દોસ્ત’’ યુવાવર્ગમાં અત્યંત ચાહના મેળવી ચૂકી છે. તેમની ટૂંકીવાર્તાઓ તેમની આસપાસના પરિસરમાંથી ઉદ્‌ભવે છે આ કારણે તેમનું વાર્તાવિશ્વ આપણને ચિરપરિચિત લાગે છે. ગુજરાતી ટૂંકીવાર્તાના લેખન માટે ‘‘ધૂમકેતુ એવૉર્ડ’’ મેળવી ચૂકેલા ડૉ. ચંદ્રકાન્ત મહેતાનો આ પ્રથમ વાર્તાસંગ્રહ છે. પુસ્તકમાં ‘બિયૉન્ડ ધ હોરાઇઝન્સ’ શીર્ષકવાર્તા સાથે કુલ એકત્રીસ વાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. લેખકની દરેક વાર્તાનું કેન્દ્રબિંદુ માણસ છે. માણસના જીવનમાં ઉદ્‌ભવતાં આશા-નિરાશા, સુખ-દુઃખ, અંધકાર-ઉજાસનાં દ્વંદ્વો અને આંતરબાહ્ય સંઘર્ષો તેમની વાર્તાની ધરી છે. લેખક પોતે જ પ્રસ્તાવનામાં જણાવે છે તેમ, ‘‘Readers of *Beyond the Horizon and other stories* will always find a man at the centre point, who often falls a victim of internal or external centrifugal forces, thus he fails to take a swin across the cross currents, one may call it oddities of worldly wags.’’

પુસ્તકમાં મુખ્યત્વે માનવીની સંઘર્ષની વાર્તાઓ મને નારીચેતનાપ્રધાન વાર્તાઓનો સમાવેશ થયો છે. સંગ્રહની પ્રત્યેક વાર્તા માનવમનની સંવેદનાઓને બારીકાઈથી આલેખે છે.

શીર્ષક વાર્તા ‘બિયૉન્ડ ધ હોરાઇઝન્સ’ કૅન્સરગ્રસ્ત વૈશાલી, ઝંઝા જેવા સ્વભાવવાળી સંધ્યા, સત્કાર અને અસીતની આસપાસ ગૂંથાયેલી છે. વૈશાલી સંધ્યા અને સત્કારને સાથે જોવા ઇચ્છે છે તે જ સમયે સંધ્યા ચિઠ્ઠી મૂકી ગૃહત્યાગ કરે છે. તો સંગ્રહની ‘ઇન્દ્રનીલ’ અને ‘ધ લાસ્ટ લૉન્ગિંગ’ જેવી વાર્તાઓ વૃદ્ધાવસ્થાની પીડાને વેધક રીતે રજૂ કરે છે.

સંગ્રહની ‘ગુડ બાય પાપા’ અને ‘Sira.... Sweet Home’ નારીજાતિનાં ગૌરવ અને સ્વમાનની રક્ષા કરતી વાર્તાઓ છે. લેખક સમાજની જડ અને રૂઢ થઈ ગયેલી માન્યતાઓનો છેદ ઉડાડી સાબિત કરે છે કે એકવીસમી સદીની નારી પણ ઘરને સ્વર્ગ બનાવી શકે છે. પુરુષ કદાચ ભલે સમાજનો ધ્વજ હોય પણ ધ્વજને આધાર આપનારી ધરી તો સ્ત્રી જ છે આ સંદેશ લેખક આ વાર્તાઓમાં ખૂબ જ પ્રતીકાત્મક રીતે આપે છે.

પુસ્તકની બધી વાર્તાઓ ઘટનાપરક છે. સામાન્ય પ્રસંગના આલેખન દ્વારા લેખક વાર્તાઓને ઘાટ આપે છે. તેમને લાંબાં વર્ણનો કે વિસ્તૃત વિવેચનમાં રસ નથી. લેખક પ્રત્યક્ષ વાત દ્વારા તાક્યું તીર મારે છે. લાઘવ, સરળતા અને પ્રાસાદિક કથનશૈલીના લીધે કથાનો વાર્તારસ અકબંધ જળવાઈ રહે છે તે વાર્તાકારની સિદ્ધિ છે.

ડૉ. મહેતા વિશાળ જનસમુદાયને લક્ષ્યમાં રાખી વાર્તાસર્જન કરે છે એટલે તેમની વાર્તાઓમાં કલા અને માધુર્યનો સુભગ સમન્વય જોવા મળે છે. તેમની બધી વાર્તાઓ નવી પેઢીને મૂલ્યો, સિદ્ધાંતો અને સંસ્કારિતાની જાળવણી માટે ઇંગિત દિશાસૂચન કરે છે. તે રીતે જોતાં આ વાર્તાસંગ્રહ આધુનિક ભારતની ઊગતી પેઢી માટે દીવાદાંડી સમાન છે અને જીવનસંધ્યાએ પહોંચેલી પેઢી માટે માર્ગદર્શક છે.

ડૉ. મહેતાની કટારના ચાહકોએ આ વાર્તાસંગ્રહ અચૂક જોવા જેવો છે.